નવા ગુજરાત નિર્માણ માટે કોંગ્રેસ સંકલ્પબદ્ધ : સોનિયા

રાજકોટમાં રેસકોર્સ મેદાન પર જંગી મેદની વચ્ચે સોનિયા ગાંધીનું સંબોધન ભાજપ પર આકરા પ્રહારો : સૌરાષ્ટ્રને નર્મદાનું પાણી હજુ પણ મળતું નથી

રાજકોટ, તા. ૩

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેનો તબ્બો ગોઠવાઈ રહ્યો છે ત્યારે કોંગ્રેસના વડા સોનિયા ગાંધીએ આજે રાજકોટના રેસકોર્સ મેદાન પર જંગી મેદની વચ્ચે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. સોનિયા ગાંધીએ ૧૨.૦૫ વાગે તેમનું સંબોધન શરૂ કર્યું હતું અને આશરે ૨૫ મિનિટ સુધીના તેમના સંબંધોનમાં સોનિયા ગાંધીએ ખેડૂતોના હિતો, વિકાસ, ભ્રષ્ટાચાર, એફડીઆઈ, નર્મદા યોજના તથા અન્ય તમામ મુદ્દાઓ પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. નર્મદા યોજના અંગે વાત કરતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે નર્મદા યોજના કોંગ્રેસ દ્વારા જ તૈયાર કરવામાં આવી હતી. છેલ્લા ૧૦ વર્ષમાં નર્મદાનું પાણી સૌરાષ્ટ્રને હજુ પણ પહોંચ્યું નથી. ગુજરાતનો વિકાસ પ્રજાને આભારી હોવાની વાત કરતા ગાંધીએ કહ્યું હતું કે ગુજરાતના સર્વાંગી વિકાસ માટે કોંગ્રેસ સંપૂર્ણપણે કટિબદ્ધ છે. ભાજપ સરકાર દ્વારા અને ભાજપના કાર્યકરો દ્વારા લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે પરંતુ વાસ્તવિકતા એ છે કે એનડીએ સરકાર કરતા ગુજરાતના વિકાસ માટે યુપીએ સરકારે ૫૦ ટકા વધુ રકમની ફાળવણી કરી છે.

રાજ્યના ખેડૂતોના હિત માટે યુપીએ સરકારે પુરતી મદદ કરી છે. કપાસની નિકાસ માટે સરકારે પગલાં લીધા છે. ખેડૂતોને હજુ પણ તેમની પેદાશની પૂરતી રકમ મળી રહી નથી. ખોટા પ્રચારના કારણે વિરોધીઓ લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે પરંતુ વિરોધીઓની ચિંતા કર્યા વગર કોંગ્રેસ તેના મક્કમ હિત સાથે આગળ વધશે. ભ્રષ્ટાચારની વાત કરતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે ભ્રષ્ટાચારની જડ ખૂબ ઊંડે સુધી પહોંચેલી છે. ભ્રષ્ટાચારને દૂર કરવા તથા તેને કાબૂમાં લેવા સરકારે બનતા તમામ પગલાં લીધા છે. દોષિત જાહેર થયેલાઓ સામે કઠોર પગલાં લેવાયા છે.

ભ્રષ્ટાચારના મામલે ભાજપની કથની અને કર્મીમાં ખૂબ ફરક છે. લોકસભામાં ભ્રષ્ટાચારને રોકવા માટે લોકપાલ બિલ પસાર કરવામાં આવ્યો હતો પરંતુ આ બિલને રાજ્ય સભામાં ભાજપે જ અટકાવ્યું હતું. ભાજપે લોકપાલ બિલને આગળ વધવા માટે તક આપી ન હતી. ગુજરાતમાં છેલ્લા આઠ વર્ષથી લોકપાલની નિમણૂંક હજુ સુધી કરવામાં આવી નથી. ખેડૂત વિરોધી ભાજપ સરકારની નીતિ રહી છે. વૈશ્વિક સ્તરે ક્રૂડની કિંમતમાં થયેલા વધારાના કારણે હાલમાં યુપીએ સરકારને નિર્ણયો લેવાની ફરજ પડી છે. છતાં કોંગ્રેસ શાસિત રાજ્યોની સરકારોએ લોકોને ઓછો બોજ લાગે તે માટે ઘણી રાહતો આપી છે. કોંગ્રેસ શાસિત રાજ્યોમાં સબસીડીવાળા એલપીજી સિલિન્ડરની સંખ્યા વાર્ષિક છથી વધારીને નવ કરવામાં આવી છે પરંતુ ભાજપ શાસિત રાજ્યોમાં આવો કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. ગુજરાતમાં અન્ય રાજ્યોની સરખામણીમાં વેટ સૌથી વધારે છે. લોકો પરથી બોજ હળવો કરવા ભાજપ સરકાર કેમ વેટ ઓછો કરતી નથી. સોનિયા ગાંધીએ તેમના સંબોધનની શરૂઆત રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીની સિદ્ધિઓ અને તેમની કામગીરીને યાદ કરી હતી.

ગાંધીએ કહ્યું હતું કે મહાત્મા ગાંધીના વિચારો આજે પણ કોંગ્રેસના આદર્શ બનેલા છે. કોંગ્રેસ ગુજરાતના વિકાસ પ્રત્યે કટિબદ્ધ છે. મજબૂત ગુજરાતના નિર્માણની વાત કરતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે કોંગ્રેસ તમામ લોકોના સહકાર માટે નવા ગુજરાત માટે કટિબદ્ધ છે. ભાજપ સરકારો ભ્રષ્ટાચાર માટે ગળાડૂબ છે. દલીતો પર થઈ રહેલા અત્યાચારની વાત કરતા ગાંધીએ કહ્યું હતું કે અધિકારો માટે અવાજ ઉઠાવનાર પર ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. દલીતો પર અત્યાચાર થઈ રહ્યા છે. મહિલાઓ સુરક્ષિત દેખાઈ રહી નથી.

ગાંધીએ સંબોધનની શરૂઆતમાં મહાત્મા ગાંધી અંગે વાત કરી હતી. ગાંધીએ કહ્યું હતું કે આ ધરતી પર એ સૂરજ ઊગ્યો હતો જે સૂરજે અહિંસા અને સંવેદનાનો પ્રકાશ ફેલાવ્યો હતો. માત્ર દેશમાં જ નહીં બલ્કે વિદેશમાં પણ તેનો પ્રકાશ ફેલાવ્યો હતો. મુશ્કેલીઓનો સામનો કરીને પણ કોંગ્રેસ વ્યક્તિને અનુસરણ કરે છે. વિરોધીઓને દેશની ઉન્નતિ અને પ્રગતિ દેખાઈ રહી નથી. માત્ર બરબાદી જ દેખાઈ રહી છે. ભાજપને માત્ર અંધકાર દેખાય છે. સારી અને સાચી વાતો લોકો સુધી પહોંચી રહી નથી. ગુજરાતની પ્રગતિમાં જે સેક્ટરમાં ટેક્સ ટાઈલ અને પેટ્રોલીયમ સેક્ટર આગળ છે તે સેક્ટરો કોંગ્રેસે આગળ કર્યા હતા. ગુજરાત અને સૌરાષ્ટ્રના લોકો, ખેડૂતો, અન્યોએ તેમની મહેનતથી રાજ્યનું નામ દુનિયામાં અમર બનાવ્યું છે.

નર્મદાના પાણીને પહોંચાડવાની યોજના નહેરુ અને સરદાર વલ્લભભાઈ પટેલે બનાવી હતી પણ બીજા લોકો આની ક્રેડિટ લેવા ઈચ્છે છે. સૌરાષ્ટ્રના ખેડૂતો હજુ પણ મુખ્ય સુવિધાઓથી વંચિત છે. ખેડૂતોની આત્મહત્યા કરવી પડી રહી છે. સર્વે કરીને રાજ્ય સરકાર અછતના કારણે થયેલા નુકસાનની માહિતી મોકલશે તો વહેલી તકે ખેડૂતોની વિમાની રકમ ચૂકવી દેવામાં આવશે. માછીમારોની સમસ્યાથી યુપીએ સરકાર વાકેફ છે. તેમના હિત માટે સરકાર કામ કરવા કટિબદ્ધ છે.

રિટેલમાં એફડીઆઈ અંગેનો નિર્ણય રાજ્યો પર છોડાયો છે છતાં બિનજરૂરી હોબાળો થઈ રહ્યો છે. એનડીએ સમયે ક્રૂડનો ભાવ ૩૨ ડૉલરે હતો જે આજે વધીને ૧૪૦ ડૉલર ઉપર પહોંચ્યો છે. સોનિયા ગાંધી અગાઉ સવારે રાજકોટ એરપોર્ટ પરથી સીધા જ રામકૃષ્ણ આશ્રમ પહોંચ્યા હતા જ્યાં થોડીક મિનિટો સુધી રોકાઈને કબા ગાંધીના ડેલાની મુલાકાત લઈને રેસકોર્સ સભા સ્થળે પહોંચ્યા હતા. વિધાનસભાની ચૂંટણી પહેલાં સોનિયા ગાંધીના આ સંબોધન પર તમામની નજર હતી. સોનિયા ગાંધીની સાથે કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતાઓ હતા. જેમાં શંકરસિંહ વાઘેલા, અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલનો સમાવેશ થાય છે.

ગાંધીના વેધક પ્રશ્નો...

રાજકોટમાં રેસકોર્સ મેદાન ખાતે સોનિયા ગાંધીએ સંબોધન કરતા ભાજપ સામે કેટલાક પ્રશ્નો કર્યા હતા જે નીચે મુજબ છે.

- ગુજરાતમાં વેટ સૌથી વધારે છે, વેટ ઘટાડીને લોકોને રાહત કેમ આપતા નથી
- જે રાજ્યોમાં કોંગ્રેસની સરકાર છે ત્યાં રાહત દરે નવ સિલિન્ડર આપવાની વાત કરવામાં આવી છે. ગુજરાત સરકાર કેમ આવું કરતી નથી
- ભ્રષ્ટાચારના મામલે હોબાળો કરાઈ રહ્યો છે પરંતુ છેલ્લા આઠ વર્ષથી લોકપાલની રચના ગુજરાતમાં કેમ કરાતી નથી
- નર્મદા યોજનાની જોરશોરથી વાત કરાઈ રહી છે પરંતુ નર્મદાનું પાણી સૌરાષ્ટ્રના લોકોને કેમ હજુ સુધી મળી રહ્યું નથી

વિકાસ કોંગ્રેસનો સંકલ્પ

- ગુજરાતમાં હક માંગવા પર ગોળી મળે છે
- વિરોધીઓને યુપીએ સરકારની પ્રગતિ દેખાતી નથી માત્ર બરબાદી દેખાય છે
- માત્ર અંધકારની વાતો કરી દેશના લોકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે
- કેટલાક લોકો માત્ર પ્રગતિનો તાજ પહેરીને ફરી રહ્યા છે
- ગુજરાતમાં મહિલાઓ હજુ પણ સુરક્ષિત નથી
- ભાજપ સરકાર વેટ ઘટાડીને લોકોને મોંઘવારીથી રાહત આપતી નથી
- સૌરાષ્ટ્રમાં છેલ્લા ૧૦ વર્ષથી નર્મદાનું પાણી પહોંચી રહ્યું નથી
- ખેડૂતોને હજુ પણ આત્મહત્યા કરવાની ફરજ પડી રહી છે
- એનડીએના શાસનની સરખામણીમાં યુપીએ સરકાર દ્વારા ગુજરાતને ૫૦ ટકા વધુ રકમ અપાઈ
- કપાસની નિકાસ માટે સરકારે પગલાં લીધા છે
- એફડીઆઈનો મામલો રાજ્યો ઉપર છોડાયો છે જેથી હોબાળો બિનજરૂરી છે
- વિરોધીઓના પ્રહારોની કોઈ અસર નથી
- લોકપાલની નિમણૂક ગુજરાતમાં આઠ વર્ષથી કરાઈ નથી
- ગુજરાતના વિકાસ પ્રત્યે કોંગ્રે કટિબદ્ધ છે
- રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીના આદર્શ પર કોંગ્રેસ આગળ વધશે
- ભ્રષ્ટાચાર સામે ફરિયાદ મળ્યા બાદ તરત પગલાં લેવાયા છે
- ભાજપની સરકાર ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે
- નવા ગુજરાતના નિર્માણ માટે કોંગ્રેસ આગળ વધશે
- નર્મદા યોજના કોંગ્રેસની જ યોજના છે
- યુપીએ સરકારને બદનામ કરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે
- એફડીઆઈના મામલે તમામ લોકોનો સહકાર જરૂરી છે

વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

રાધેશ્યામ મણિલાલ શાહ
(૧૯૪૮) ફોન : ૨૩૨ ૬૦૬૪૫

અંજનાબેન એમ. રાવલ
(૧૯૫૫) મો. ૯૪૨૬૬૩૩૦૬૭

સોનિયા ગાંધીએ ગુજરાતને વિકાસ કેમ કરવો તે શીખવાડવાની જરૂર નથી

ગાંધીનગર, તા. ૩

રાજ્ય સરકાર પ્રવક્તા આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણ વ્યાસ અને ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે આજે કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીએ રાજકોટમાં કોંગ્રેસની જાહેરસભામાં ગુજરાત સરકાર વિરૂદ્ધ જનતાને ગુમરાહ કરવા જે ઉચ્ચારણો કર્યા તેનો સખત વિરોધ કરતા જણાવ્યું હતું કે, વિકાસ કેમ કરવો તે કોંગ્રેસે ગુજરાતની ભાજપા સરકાર પાસેથી શીખવાનું છે. ગુજરાતને વિકાસના પાઠ કોંગ્રેસે શીખવાડવાની કોઈ જરૂર નથી.

પ્રવક્તા મંત્રીશ્રીઓએ જણાવ્યું કે, ગુજરાત સરકારને બદનામ કરવા માટે સત્યથી વેગળા એવા તૈયાર કરાયેલા સોનિયાજીના ભાષણની ભાષા કેટલી નિમ્નકક્ષાની છે તે ગુજરાતની જનતાને જાણ થઈ ગઈ છે. પરંતુ સોનિયા ગાંધી ગુજરાતને બદનામ કરવા આટલી નીચી કક્ષાએ કેમ ગયા તે સમજી શકાય છે.

પ્રવક્તા મંત્રીશ્રીઓએ જણાવ્યું કે, ગુજરાત સરકારે આ નથી કર્યું અને તે નથી કર્યું એવો રાજકીય બદનામીનો કાદવ ઉછાળવાને બદલે કોંગ્રેસના અધ્યક્ષશ્રીએ ગુજરાત સરકારને કેન્દ્રની સરકાર છેલ્લા આઠ-આઠ વર્ષથી લગાતાર અન્યાય કરતી રહી છે અને ગુજરાતના વાજબી અધિકારો છીનવી લીધા છે તેની તર્કબદ્ધ વિગતો કેમ આપી નહીં ? ગુજરાતની જનતાનો એ અધિકાર છે કે, ગુજરાતની પ્રજાની પરસેવાની કમાણીના રૂ. ૬૦,૦૦૦ કરોડ દર વર્ષે કેન્દ્ર સરકારની તિજોરીમાં કરવેરા પેટે જમા થાય છે ત્યારે ગુજરાતને મળવાપાત્ર નાણાં માત્ર ૧૦ ટકા જ કેન્દ્ર આપે છે ! અન્ય કોંગ્રેસ શાસિત રાજ્યોની તુલનામાં ગુજરાતમાં ભાજપાની સરકાર છે અને તેના મુખ્યંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી છે તેણે કેન્દ્ર સરકારની સહાયની પરવા કર્યા વગર છ કરોડ ગુજરાતીઓના પુરૂષાર્થથી વિકાસ કર્યો તે પણ કોંગ્રેસને સતત ખટકે છે.

કલોલમાં બી.વી.એન. ફાટક પાસે બે જુથો વચ્ચે ધીંગાણું

મોડી સાંજે બન્ને જુથોના ટોળા ઘાતક હથિયારો સાથે સામસામે આવી ગયા હતા : પોલીસે મામલો થાળે પાડ્યો

કલોલ, તા. ૩

કલોલ શહેરનાં બી.વી.એમ. ફાટક નજીક ગઈકાલે સવારે રબારી અને ઠાકોરો વચ્ચે નજીવી બાબતે થયેલી બોલાચાલી બાદ ધારીયા અને લોખંડની પાઈપો ઉછળી હતી. બંને જુથો વચ્ચે થયેલ મારામારીમાં ચાર-ચાર વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી. મોડી સાંજે આ અદાવતને ધ્યાને લઈ બંને જુથો ઘાતક હથિયારો લઈને આમને-સામને આવી ગયા હતા. જો કે સમયસર પોલીસ પહોંચી મોટી ઘટના ન સર્જાય તે માટે ટોળુ વિખેરી નાંખીને પોલીસ દ્વારા તકેદારીનાં ભાગરૂપે રાઉન્ડ ધ ક્લોક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર કલોલમાં બોરીસણા નજીક વૈજનાથ સોસાયટીમાં રહેતા જીતેન્દ્રકુમાર બળદેવભાઈ રબારી પર ગઈકાલે બી.વી.એન. ફાટક નજીક નજીવી બાબતે હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં રાજુ ગાભાજી ઠાકોર, ભરત ગાભાજી ઠાકોર અને બાબુ ગાભાજી ઠાકોરે તેમને બિભત્સ ગાળો બોલીને લોખંડની પાઈપો દ્વારા ઈજાઓ પહોંચાડી હતી. તેમજ જીતેન્દ્રભાઈએ પહેરેલ સોનાની ૨ તોલાની ચેઈન ખેંચી લઈને ત્રણેય શખ્સોએ તેમને મારી નાંખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત પામેલ જીતેન્દ્રભાઈએ આ ત્રણે શખ્સો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. જેના આધારે કલોલ શહેર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડી.એ. ચૌહાણે વધારે તપાસ હાથ ધરી છે.

આ જ કિસ્સાનાં આરોપી રાજુજી ગાભાજી ઠાકોર કે જે રામજી માસ્તરની ચાલીમાં રહે છે તેમણે દિપક બળદેવભાઈ રબારી, રણછોડ સરતાન રબારી, પુષ્પમ બળદેવ રબારી અને કુણાલ અશોક રબારી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. જેમાં રાજુએ જણાવ્યું હતું કે તેમના પર આ ચારેય આરોપીઓએ ખોટા આરોપો મુકીને સવારે થયેલ ઝઘડાની અદાવતને મગજમાં રાખીને લાકડીથી માર માર્યો હતો. તેમજ શરીર પર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઈજા પામેલ રાજુજીએ કલોલ શહેર પોલીસ સ્ટેશનમાં આ ચારેય શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે હેડ કોન્સ્ટેબલ કરમશીભાઈ બાબરભાઈ રબારીએ વધારે તપાસ હાથ ધરી છે. નોંધાયેલ બંને પક્ષોની ક્રોસ ફરિયાદને આધારે કલોલ શહેર પોલીસે તટસ્થ તપાસ ચાલુ કરી છે.

અપરણીત યુવાનને કાગળ પર બે સંતાનોના પિતા દર્શાવી નસબંધી કરી દેવાઈ...!

ઉવારસદના યુવકની માનસિક અસ્થિરતાનો લાભ લઈ ઓપરેશન કરી દેનાર ડોકટર વિરૂધ્ધ પગલા ભરવા આવેદન અપાયું

કલોલ, તા. ૩

ઉવારસદમાં રહેતા અપરણીત યુવાનને કાગળ પર બે બાળકોનો પિતા દર્શાવી તેની માનસિક અસ્થિરતાનો લાભ લઈ તબીબે નસબંધીનું ઓપરેશન કરી લીધાના આક્ષેપ સાથે મોટી છાસઠ જુથ નાયી સમાજ કલોલે ગાંધીનગર જિલ્લા કલેકટરને આ બાબતે આવેદનપત્ર આપીને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરી યોગ્ય પગલા ભરવા રજુઆત કરી હતી.

મોટી છાસઠ જુથ નાયી સમાજ, કલોલ હવેલી વિભાગના સભ્યોએ ગાંધીનગર જિલ્લા કલેકટરને આપેલા આવેદનપત્ર મુજબ ગાંધીનગર નજીકના ઉવારસદ ગામમાં રહેતા અશોકભાઈ મોહનભાઈ પારેખનું નસબંધીનું ઓપરેશન કલોલ સિવિલ હોસ્પિટલના ડૉ. શેઠે ૩૦ ઓકટોબર ૨૦૧૦ના રોજ એક સરકારી કેમ્પ દરમિયાન ગેરકાયદેસર રીતે જાણ બહાર કરી નાંખ્યુ છે.

અશોકભાઈ માનસિક અસ્વસ્થ છે તેમજ અપરણિત પણ છે. જે તે સમયે અશોકભાઈને અધિકારીઓએ કાગળ પર પરણીત બતાવીને બે સંતાનોના પિતા દર્શાવી દઈ માનસિક અસ્થિરતાનો લાભ લઈ પુરુષ નસબંધી ઓપરેશન કરી નાંખ્યું હતું. કુટુંબ કે પરિવારજનોને જાણ કર્યા વિના સરકારી રેકર્ડમાં ખોટી માહિતી ભરી દેવામાં આવી હતી. ઉવારસદ દવાખાનામાં લાભાર્થી તરીકે ચુકવવાના થતાં નાણાં તેનો અંગુઠો કરાવી કોણે લઈ લીધા તેની પણ પરિવારજનોને જાણ નથી કે રૂપિયા આપવામાં પણ આવ્યા ન હતાં. આ બાબતે સંગઠને જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવીને તપાસ કરાવી કસુરવાર અધિકારી-કર્મચારીઓ સામે કડક પગલા ભરવાની માંગણી કરી છે.

ફાર્મ હાઉસની તલાવડીમાં ડુબી જવાથી શ્રમિક યુવાનનું મૃત્યુ

કલોલ નજીકના ભાડજથી સાણંદ જવાના માર્ગ પર રણછોડપુરા ગામ પાસે આવેલા હિરેન પટેલ ફાર્મ હાઉસની તલાવડીમાંથી યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. કલોલ તાલુકા પોલીસને આ અંગે જાણ થતા જમાદાર રાજેશકુમાર બનાવ સ્થળે દોડી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં ફાર્મ હાઉસમાં મજુરી કામ કરતો મુળ છોટા ઉદેપુરનો વતની યુવાન મુકેશ ગોસાઈભાઈ રાઠવાનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું હતું. તલાવડીમાં હાથ-પગ ધોવા જતાં પગ લપસી જતાં પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. કલોલ તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી સઘન તપાસ આરંભી છે.

ગાંધીનગર જિલ્લામાં મતદાન.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લાના રાજકારણમાં ટિકિટ વાંચ્છુઓની દોડ હવે એકાદ સપ્તાહ પછી વેગીલી બનશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવું છે. ગાંધીનગર જિલ્લાને નવા સીમાંકન સાથે નિસ્બત છે. ત્યાં સુધી ગાંધીનગર બેઠકનું વિભાજન કરી ગાંધીનગર (ઉત્તર) ની નવી બેઠક બનાવવામાં આવી છે. આ ઉપરાંત સરખેજનો કેટલાક વિસ્તાર તેમજ ચિલોડા સહિતના ગ્રામ્ય વિસ્તારને સાંકળી ગાંધીનગર (દક્ષિણ)ની બેઠક બનાવવામાં આવી છે.

ઉત્તર ગુજરાતમાં પણ નવી બેઠકો બેચરાજી, બાયડ, ઘાટલોડિયા, વેજલપુર, વટવા, નારણપુરા, નિકોલ, ઠક્કરબાપાનગર, બાપુનગર, આંકલાંવ, કપડવંજ, મોરવાહડફ, ફતેપુરા, ગરવાડા, અંકોટા, માંજલપુર જેવી બેઠકો અસ્તિત્વમાં આવી છે.

નવી બેઠકો અને નવા સમીકરણોને લઈ આ વખતનો ચૂંટણી જંગનો માહોલ વધુ રાજકીય ગરમાવા ભર્યો રહેશે તેમ નિરીક્ષકોનું કહેવું છે.

તમામ આક્ષેપો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવા તેમજ રાજ્ય સરકાર સામે કરવામાં આવેલ આક્ષેપોમાં તથ્ય છે કે કેમ ? તે જાણવા માટે જાહેર હિતમાં કમિશન ઓફ ઈન્કવાયરી એક્ટ ૧૯૫૨ની કલમ ૩ હેઠળ નામ. સુપ્રિમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રી એમ.બી. શાહના અધ્યક્ષપદે તા. ૧૬-૮-૨૦૧૧ના જાહેરનામાથી તપાસ પંચની રચના કરી.

રાજ્ય સરકાર સામે જુદા જુદા ૧૭ જેટલા આક્ષેપો કરવામાં આવેલ હતા તે પૈકી બે આક્ષેપો અંગે નામદાર હાઈકોર્ટમાં કેસ ચાલુ હોવાથી ૧૫ આક્ષેપો અંગેની તપાસ સોંપવામાં આવી.

નામદાર તપાસ પંચ દ્વારા ૧૫ આક્ષેપો પૈકી જમીનને લગતી ૯ બાબતો સાથે સંકળાયેલી ૪૦ જેટલી બાબતોની તપાસ પૂર્ણ કરી તેનો અહેવાલ તા. ૨૭-૯-૨૦૧૨ના રોજ સરકારશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

ગુજરાતમાં ચૂંટણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતમાં વિધાનસભાની ૧૮૨ બેઠકો છે જેમાં અનેક મતદાન મથકો સંવેદનશીલ હોવાથી તેમજ મની પાવરનો ઉપયોગ થઈ શકે તેવી આશંકા સામે ચૂંટણી પંચના અધિકારીઓ એક્સપેન્ડીચર સેન્સેટીવ સેન્ટર્સ ઉપર ચાંપતી નજર રાખશે. આ બેઠકોને બે તબક્કામાં વહેંચી દેવામાં આવી છે.

ગુજરાતમાં ૧૮૨ પૈકી ૧૩ બેઠકો એસસી અને ૨૭ બેઠકો એસસી માટે અનામત રાખવામાં આવેલી છે. આ ચૂંટણી નવા સિમાંકન પ્રમાણે કરવામાં આવશે. ગુજરાતમાં ૩.૭૮ કરોડ મતદારો છે જેમાં ૯૯.૧૮ ટકા ફોટો ઓળખપત્ર ધરાવે છે. ગુજરાતમાં ૪૪૪૯૬ પોલીંગ સ્ટેશન નક્કી કરવામાં આવ્યા છે. હાલની સ્થિતિ પ્રમાણે ભાજપ પાસે ૧૨૧, કોંગ્રેસ પાસે ૫૪, એનસીપી પાસે ચાર ધારાસભ્યો છે. એ ઉપરાંત જનતાદળના એક અને બે અપક્ષ ધારાસભ્યો ચૂંટાયેલા છે.

ગુજરાતમાં ૨૦૧૨ની ચૂંટણીમાં મુખ્ય સ્પર્ધા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે છે પરંતુ પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે ગુજરાત પરિવર્તન પાર્ટી બનાવી છે તેથી તમામ બેઠકોમાં ત્રીજા પક્ષના ઉમેદવાર સ્પર્ધામાં રહેશે. રાજ્યમાં ૨૦૦૧થી નરેન્દ્ર મોદી શાસન કરી રહ્યાં છે, તે પહેલાં ૧૯૯૫ અને ૧૯૯૮માં ભાજપની સરકાર રહી છે. કોંગ્રેસને છેલ્લા ૧૭ વર્ષથી સત્તા પ્રાપ્ત થયેલી નથી.

પ્રથમ તબક્કામાં ૮૭ બેઠકો ઉપર ચૂંટણી યોજાશે જેમાં સમગ્ર દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને અમદાવાદ ગ્રામ્યની બેઠકો છે જ્યારે બીજા તબક્કામાં ૯૫ બેઠકો ઉપર મતદાન થશે અને તેમાં મધ્ય ગુજરાત, અમદાવાદ શહેર, ઉત્તર ગુજરાત અને કચ્છની બેઠકો આવરી લેવામાં આવી છે.

ભારતના ચૂંટણી પંચે તારીખ જાહેર કરી તેની સાથે આદર્શ આચાર સંહિતાનો અમલ પણ શરૂ કર્યો હોવાથી રાજ્ય સરકાર પ્રજાને લાલચ આપતી કોઈપણ નવી જાહેરાત કરી શકશે નહીં, કે નિતી વિષયક નિર્ણય પણ જાહેર નહીં કરી શકે. તમામ પદાધિકારીઓ માટે સરકારી વાહનનો ચૂંટણીના કામમાં ઉપયોગ કરવા ઉપર નિયંત્રણ મૂકી દેવામાં આવ્યા છે.

સમગ્ર દેશમાં ગુજરાત અને હિમાચલ એમ બે રાજ્યોમાં જ ચૂંટણી હોવાથી તમામ રાજકીય પક્ષોનું ધ્યાન ખાસ કરીને ગુજરાત ઉપર દોરાયું છે. એનડીએના ઘટક અને બિહારના મુખ્યમંત્રી નિતીશકુમારની પાર્ટી ઉપરાંત મુલાયમના સમાજવાદી પક્ષે પણ ગુજરાતની ચૂંટણીમાં ઝૂકાવ્યું છે.

શબ્દાવલી - ૪૮૬૦



આડી ચાવી

૧. ખુબ મોટો, ભવ્ય (૪)
૪. આશ્ચર્ય જનક (૩)
૬. નાખોરા, નાકના કાણા (૪)
૮. રાજસ્થાની વાનગી (૪)
૧૦. વસ્તુને પેક કરે તે કાગળ (૩)
૧૨. હાથ, હસ્ત (૨)
૧૩. આંકડી, લોખંડની બનાવટનું હુક
૧૫. કબૂતરને અંગ્રેજીમાં... કહેવાય (૨)
૧૬. પથરો, પાણો (૩)
૧૭. તાંબુ, ત્રાંસુ (૩)
(નોંધ : ૧૬નો છેલ્લો અક્ષર ૧૭મી ચાવીનો પહેલો અક્ષર થશે)
૧૯. સ્વાવલંબી ના હોય તેવું (૫)
૨૦. કાર્ય, કામ (૨)
૨૧. કૈકેયી રાણીનો પુત્ર (૩)

ઊભી ચાવી

૧. મુશ્કેલી (૩)
૨. ભભકાદાર (૪)
૩. મૂળ, ઉત્પત્તિ સ્થાન (૩)
૪. 'અરેરાટી' શબ્દ ગોઠવો (૪)
૫. સાચુ, સુવ્યવસ્થિત (૪)
૭. ગાંધીનગરથી અમદાવાદ જતા આવેલ જૈન મંદિરવાળો વિસ્તાર (૨)
૯. અધિરાઈ, જુસ્સો (૫)
૧૧. બીજા ઉપર ઉપકાર કરવો તે (૫)
૧૨. દાબ, ધાક, અંકુશ (૩)
૧૩. ઠપકો, ટકોર કરવી (૪)
૧૪. આ નામની એક જ્ઞાતિ, ખાસ કરીને પટેલોમાં આવે (૨)
૧૮. .... જયંતિ, રૂપાનું (૩)

શબ્દાવલી ૪૮૫૯ના જવાબ

આડી ચાવી :- (૧) કોરડો (૩) હુતાસણી (૫) યોજન (૭) મીત (૯) ગરજવાન (૧૧) રબર (૧૩) મણી (૧૪) લાજવાજ (૧૫) સવા (૧૮) અથાગ (૨૦) વાદવિવાદ (૨૩) કડા (૨૪) રનર (૨૫) વાણુ

ઊભી ચાવી :- (૧) કોથમીર (૨) ડોયો (૩) હુનર (૪) સરવાણી (૬) જગ (૮) તબલા વાહન (૧૦) જમ (૧૨) રજ (૧૫) વાઢવા (૧૬) અંગડાઈ (૧૭) સવાર (૧૯) થાક (૨૧) વિર (૨૨) દવા